આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૬ | ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સતત પ્રયત્ન કરવાથી ઓછી બુદ્ધિનો વ્યક્તિ પણ પંડિત બની શકે છે, ઝરણાના સતત પ્રવાહથી પથ્થરના પહાડમાંથી રસ્તો બની જાય છે

- અમૃતબિંદુ

## ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ

### જિલ્લામાં યોજાયેલ ગ્રામસભામાં સરેરાશ એક પ્રશ્ન અને ૧૭૮ લોકોની હાજરી : ૪૪ ગામોમાં આચારસંહિતાને લઈ ગ્રામસભાઓ રદ કરાઈ : તંત્ર નબળા પ્રતિસાદને લઈ ચિંતાતુર : મહિલાઓની પાંખી હાજરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે અને ૧૭૮ જેટલી વ્યક્તીઓની સરેરાશ હાજરી આ ગ્રામસભાઓમાં નોંધાઈ રહી છે.

૨૬મા તબક્કાના આ ગ્રામસભા અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૬૯ જેટલા ગામોમાં તે સંપન્ન થઈ છે અને તેમાં ૩૦ હજાર લોકોએ હાજરી આપી છે. આ હાજરીમાં પણ મહિલા સશક્તિકરણના ભરપુર પ્રયાસો વચ્ચે પણ માત્ર ૯ હજાર જેટલી મહિલાઓની હાજરીને લઈ તંત્ર વધુ મુંઝવણમાં મુકાયેલ છે.

માત્ર મહિલાઓની જ ગ્રામસભા યોજવા માટે એક તરફ પંચાયત વિભાગ સક્રિય બન્યુ છે અને તે માટેના આદેશો કર્યા છે. પરંતુ આ અભિયાનમાં મહિલાઓની ઉદાસીનતાએ તંત્રને માટે પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.

આ ગ્રામસભા અભિયાનમાં લોકો દ્વારા રજુ થતા પ્રશ્નોમાં પણ ઉદાસીનતા જોવા મળી રહી છે. સરેરાશ ૧.૫ પ્રશ્ન આ અભિયાનમાં રજુ થયા છે. ૧૬૯ ગ્રામસભામાં ૧૮૧ પ્રશ્નો રજુ થયા છે. જે પૈકી ૧૨૬ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે. ૪૦ પ્રશ્નો ઉકેલ શક્ય ન હોવાથી નકારાત્મક રહેવા પામ્યો છે. જ્યારે ૬૬ પ્રશ્નો વણ ઉકલ્યા રહેવા પામ્યા છે.

જે પ્રશ્નો પુછાયા છે તેમાં પણ પીવાના પાણી, સ્વચ્છતા, રોડ અને રસ્તા અંગે તેમજ શિક્ષણ વિભાગને લગતા પ્રશ્નો વધુ રજુ થયા છે.

આ ગ્રામસભા અભિયાનમાં પ્રધાનમંત્રીની જનધન યોજનાની વિસ્તૃત સમજ તેમજ મનરેગાનું લેબર બજેટ નવી માર્ગદર્શક સૂચનાઓ સાથે તૈયાર કરી રજુ કરવામાં આવી રહ્યું છે.

ગ્રામસભા અભિયાન અંગે વહીવટીતંત્રએ ૪૦ થી વધુ લાયઝન અધિકારીઓને નિમણુંક પણ આપી છે પરંતુ ગ્રામજનો તે મુદ્દે ઉત્સાહિત જોવા મળતા નથી.

જિલ્લામાં એક તરફ ઠંડીનું વાતાવરણ તેમજ પંચાયતની ચૂંટણીને લઈ રાજકીય માહોલ પણ ગરમાયેલો જોવા મળી રહ્યો છે પરંતુ લોકોમાં ગ્રામસભાને લઈ ઉત્સાહ જોવા મળતો નથી. ગ્રામસભા અભિયાન અંગે ૨૫મા તબક્કા પછી માઈક્રો પ્લાનીંગ પર તંત્રના અધિકારીઓએ ભાર મુક્યો હોવા છતાં પણ લોકોની ઉદાસીનતાનો લઈ તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૪૪ ગ્રામ પંચાયતોમાં પેટા-ચૂંટણીઓને લઈ આચારસંહિતા અમલમાં હોવાથી ત્યાં ચૂંટણી પછી ગ્રામસભાઓ યોજવામાં આવશે.

## સાબરમતી કે સંત તુને કર દીયા કમાલ... રઘુપતિ રાઘવ રાજા રામ...



## ગાંધીનગર શહેરમાં ૧લી ફેબ્રુઆરીથી બારકોડેડ રેશનકાર્ડનું મેપીંગ આરંભાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં પણ હવે ૧લી ફેબ્રુઆરીથી બારકોડેડ રેશનીંગ કાર્ડનું મેપીંગ હાથ ધરવામાં આવશે. આ સર્વેમાં ૪૫ હજાર કુટુંબોને આવરી લેવામાં આવશે.

જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ નીશા શર્માના જણાવ્યાનુસાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પેથાપુર, કલોલ, માણસા અને દહેગામ નગરપાલિકા વિસ્તાર તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુટંબોની સાચી ઓળખ નક્કી કરવા એસ.ઈ.સી.સી. સર્વે આધારિત રેશનકાર્ડનું મેપીંગ અભિયાન તા. ૧લી ફેબ્રુઆરીથી આરંભ કરવામાં આવનાર છે. અત્રેના પુરવઠા તંત્ર દ્વારા નિયત કરાયેલ ૧૦૦ કોમ્પ્યુટર ઓપરેટરો ઘેર-ઘેર ફરીને અંદાજિત ૪૫૦૦૦ કુટુંબોની સર્વેની કામગીરી કરશે અને કુટુંબ પાસેથી પુરાવા રજુ થતાં તેની ઈમેજ ઓનલાઈન અપલોડ કરશે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ના કાયદાના અમલ અન્વયે કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લાપુરવઠા તંત્ર દ્વારા સદર મેપીંગ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. નગરપાલિકા હેઠળ આવરી લેવામાં આવેલ તમામ વિસ્તારોમાં કોમ્પ્યુટર ઓપરેટરો ઘરે ઘરે જઈને તમામ કુટુંબો પાસેથી રેશનકાર્ડ, આધારકાર્ડ, ગેસ કનેક્શન ચોપડી, મોબાઈલ નંબર, બેંક ખાતાની માહિતી, નરેગા કાર્ડ, બીપીએલ યાદી, નંબર વિગેરે જેવા પુરાવા મેળવી તેના નંબરની નોંધણી કરશે અને તેનો ઈમેજ ઓનલાઈન અપલોડ કરશે. રેશનકાર્ડના મેપીંગ અભિયાન ૧લી ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ સુધી ચાલનાર છે. પુરવઠા તંત્ર દ્વારા તમામ નગરપાલિકા વિસ્તાર માટે ૧૦૦ ટીમો કાર્યરત થયેલ છે. ડેટા એન્ટ્રી માટે તૈયાર કરાયેલા સોફટવેરમાં જે તે કુટુંબની રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, ગેસ કનેક્શન, મોબાઈલ નંબર, બેંક ખાતાની માહિતી, નરેગા કાર્ડ, બીપીએલ યાદી, નંબર વિગેરે જેવી માહિતીની એન્ટ્રી કરાશે અને ઈમેજ અપલોડ કરાશે. જેનાથી રેશનકાર્ડ સાથે તમામ માહિતીનું જોડાણ થશે. બેંક ખાતાને પણ સાંકળી લેવામાં આવશે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે રાજ્યવ્યાપી શરૂ કરેલ મેપીંગ ઝુબેશ અનેક રીતે ઉપયોગી બનશે. કુટુંબની નવી ઓળખ થશે. બેંકમાં સબસીડી જમા થશે, સરકારશ્રીની વિવિધ યોજનાની સર્વગ્રાહી સમીક્ષા થઈ યોગ્ય પાત્રને લાભ મળશે અને મેપીંગ થતાં ખોટા નામો ન રહી અંતે હકદારને સાચો હક્ક મળશે.



બચપન કે દિન ભુલા ન દેના - નિર્દોષ ભૂલકાંઓને માટીમાં રમવાનું સૌથી વધુ ગમતું હોય છે. માટીના રમકડાં બનાવતા બનાવતા તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિઓ ખિલે છે. પોતાના હાથે બનાવેલા આ માટીના રમકડાં બાળકોને મન અત્યંત મુલ્યવાન હોય છે. આથી તેને બનાવતી વખતે ભૂલકાંઓ આસપાસની સમગ્ર દુનિયાને ભુલી તલ્લીન થઈ જતાં હોય છે. રમકડાં બનાવી રહેલા આ બાળકો કેટલાં માસૂમ જણાઈ રહ્યાં છે. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## ત્રણ વર્ષ બાદ ગૃહમાં ૨૪મી ફેબ્રુઆરીએ બજેટ

### ૨૪મી ફેબ્રુઆરીએ બજેટ રજુ થયુ હોય તેવી પાંચ ઘટનાઓ છે : માલદેવજી ઓડેદરા, સનત મહેતા, વજુભાઈ વાળા અને નરેન્દ્ર મોદી ૨૪મીએ અંદાજપત્ર રજુ કર્યુ છે

ગાંધીનગર, તા. ૨૯

ત્રણ વર્ષ બાદ રાજ્ય વિધાનસભામાં ૨૪મી ફેબ્રુઆરીએ રાજ્યનું ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર ગૃહમાં રજુ થશે.

રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર પણ ત્રણ વર્ષ બાદ ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે તે એક યોગાનુયોગ છે.

૨૩ ફેબ્રુઆરીથી રાજ્ય વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થતુ હોય તેવી ચોથી ઘટના વિધાનસભાની તવારિખમાં નોંધાશે. અગાઉ ૨૩-૨-૯૯, ૨૩-૨-૨૦૦૬ અને ૨૩-૨-૨૦૧૨ના રોજ વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આરંભ થયો હતો.

વિધાનસભાના શરૂ થઈ રહેલા અંદાજપત્ર સત્રની તૈયારીઓ રાજ્ય સરકારે આરંભી દીધી છે.

વિધાનસભામાં ૨૪મી ફેબ્રુઆરીએ અંદાજપત્ર સૌથી પહેલુ સ્વ. માલદેવજી ઓડેદરાએ રજુ કર્યુ હતુ. આ પછી તત્કાલિન નાણાંમંત્રી શ્રી સનત મહેતાએ ૧૯૮૩માં રજુ કર્યુ હતુ.

વજુભાઈ વાળાએ ૧૯૯૯માં ૨૪મી ફેબ્રુઆરીએ બજેટ રજુ કર્યુ હતુ. આ પછી ૨૪ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી નાણાં વિભાગનો હવાલો ધરાવતા શ્રી નરેન્દ્ર મોદીએ રજુ કર્યુ હતુ. પુનઃ વજુભાઈ વાળાએ ૨૪-૨-૧૨ના રોજ અંદાજપત્ર ગૃહમાં રજુ કર્યુ હતુ.

આમ ૨૪મી ફેબ્રુઆરીએ અંદાજપત્ર રજુ કરવાનું ગૌરવ બે વખત નાણાંમંત્રી રહી ચુકેલા અને હાલ કર્ણાટકના ગવર્નરશ્રી વજુભાઈ વાળાને પ્રાપ્ત થયેલ છે. ભાજપના શાસનમાં તેમજ રાજ્યમાં સૌથી વધુ વખત અંદાજપત્ર ગૃહમાં રજુ કરવાનો વિક્રમ પણ વજુભાઈ વાળાના નામે છે જે ઉલ્લેખનીય છે.

રાજ્ય વિધાનસભા સચિવાલયે ૧૩મી વિધાનસભાના છઠ્ઠા સત્રનો જે કામચલાઉ કાર્યક્રમ જારી કર્યો છે તેમજ ૧૦મી માર્ચના રોજ એક જ દિવસ માટે બે બેઠકો રાખી છે બાકી બધાજ દિવસોએ એક બેઠકનું આયોજન કરાયું છે.

વિધાનસભા સચિવાલય દ્વારા જારી કરાયેલા કેલેન્ડરમાં માંગણીઓ પરની ચર્ચા માટે ૧૨ દિવસ ફાળવવામાં આવ્યા છે. ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થતા સત્રમાં ૧૧ જેટલી તો રજાઓ આવે છે.

અંદાજપત્રનીસાથે ૨૦૧૪-૧૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રની પણ રજુઆત કરવામાં આવનાર છે. તેમજ આ માંગણીઓ પરની ચર્ચા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે.

રાજ્યપાલશ્રીના સંબોધનશ્રી આ સત્રનો આરંભ થશે. રાજ્યપાલશ્રી પણ આ હોદ્દા પર નિયુક્ત થયા પછી ગૃહને સંબોધન કરનાર છે.

## નાણા મંત્રાલયની વિવિધ મંડળો સાથે બેઠકોનો ધમધમાટ

### ખેડૂત આગેવાનો અને ઉદ્યોગપતિઓ સાથે યોજાતી બેઠકો

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના અંદાજપત્રમાં રાજ્યના ખેડૂતો અને ખેતપેદાશો અંગેના પ્રશ્નોને ઉકેલવા અને રાહત આપવા આજે એ.પી.એમ.સી.ના આગેવાનો અને ખેડૂત આગેવાનોની રજુઆતો સાંભળવામાં આવી હતી.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૩મી ફેબ્રુઆરીથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થઈ રહ્યું છે. ૨૪મીએ રાજ્યનું અંદાજપત્ર નાણામંત્રી રજુ કરનાર છે.

રાજ્યના અંદાજપત્ર તમામ લોકોને ધ્યાને રાખીને તૈયાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા ક્ષેત્રોના મંડળો, ખેડૂત આગેવાનો, ઉદ્યોગ જગતના લોકો સાથે બેઠકો કરીને તેમની રજુઆતો સાંભળીને આગામી બજેટમાં તેને ન્યાય આપવાનો પ્રયાસ કરવામાં આવનાર છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્યના નાણામંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં નાણા વિભાગના અધિકારીઓ કૃષિ વિભાગના મંત્રી અધિકારીઓ, એ.પી.એમ.સી.ના ચેરમેનો, ભારતીય કિસાન સંઘના આગેવાનો સાથે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ખેડૂતોના પ્રશ્નો અંગે રજુઆતો સાંભળવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ચેમ્બર ઓફ કોમર્સ સહીતના વિવિધ ક્ષેત્રના ઉદ્યોગના મંડળો સાથે પણ બેઠક કરીને તેમની રજુઆતો સાંભળીને અંદાજપત્રમાં તેમને ન્યાય આપવા માટેનો પ્રયાસ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ઈ-ટ્રાન્ઝેક્શન્સમાં સમગ્ર ભારતમાં ગુજરાત પ્રથમ

ગાંધીનગર, તા.૨૯

ભારત સરકારે રાષ્ટ્રીય અને રાજય સ્તરના ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ્સ માટે એક રાષ્ટ્રીય ઈ-સર્વિસીઝ ડેશબોર્ડ પોર્ટલ (www.etaal.gov.in) **e-taal (e-Transactions Aggregation & Analysis Layer)**નું નિર્માણ કર્યુ છે. આ ઈ-તાલ પોર્ટલ નિકટના વાસ્તવિક સમયને આધારે સમયાંતરે ટ્રાન્ઝેક્શન્સ સ્ટેટિસ્ટિક્સ દર્શાવે છે.

તદઅનુસાર ગત તારીખ ૧ જાન્યુઆરી, ૨૦૧૩ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા માટેની હાલની ઉપલબ્ધ માહિતીને આધારે, ઈ-ટ્રાન્ઝેક્શન્સ દર્શાવવામાં ગુજરાત રાજય સમગ્ર ભારતનું પ્રથમ રાજય છે. રાજય સરકારોની યોજનાઓ હેઠળ, આ પોર્ટલ કુલ ૪૨૬ કરોડ ઈ- ટ્રાન્ઝેક્શન્સ દર્શાવે છે અને સમગ્ર ભારતમાં જોવા મળતા કુલ ઈ-ટ્રાન્ઝેક્શન્સમાંથી ગુજરાતમાં લગભગ ૨૭% (૧૧૬ કરોડ) જેટલા ટ્રાન્ઝેક્શન્સ થાય છે. ગુજરાત રાજય પછી ૬૭.૨૪ કરોડ સાથે મધ્યપ્રદેશ દ્વિતીય ક્રમે છે અને અન્ય અગ્રણી રાજયોમાં ૫૫.૫૫ કરોડના ઈ- ટ્રાન્ઝેક્શન્સ સાથે આંધ્રપ્રદેશ ત્રીજો અને ત્યારબાદ ૩૪.૩૦ કરોડના ઈ- ટ્રાન્ઝેક્શન્સ સાથે મહારાષ્ટ્ર ચોથો ક્રમ ધરાવે છે.

CCTV

બેંક, સ્કૂલ, કોલેજ, જ્વેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શો-રૂમ વગેરે જગ્યાએ CCTV કેમેરા

IP Camera,
IR Speed Dome Camera,
IP Dome Box type Camera,
Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

APEX ELECTRONICS
E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800
Mo. 7600044511, 9974003830, 98250 42439
Email : apexelectronics@yahoo.com

સ્પેશ્યલ ઓફર
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬